**<u>મે. નિઝર જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ.–નિઝર .</u>**

ફોજદારી કેસ નં. 1348/2025
આંક– 07

ફરીયાદી – શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી – યોગેશભાઈ ભરતભાઈ મરાઠે

ગુનો :– **<u>BNS-281 ની કલમ મુજબ</u>**

***<u>––ચુ કા દો––</u>***

(૧) ફરીયાદ પક્ષ તરફથી આરોપી સામે BNS-285 ની કલમ મુજબ ના ગુનાની ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે અને હાજર આરોપીને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરી તેમના વિરૂધ્ધના ગુનાની હકીકત વાંચી, સંભળાવી ગુના સબબની પ્લી લેતા ઉપરોકત આરોપીએ પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનુ જણાવી, ગુના કબુલાત પુરસીસ આ કામે રજુ કરેલ છે.

(૨) સદર કામના કેસ પેપર્સ વંચાણે લીધા. કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી. આરોપીની ગુના કબુલાત અને તે અંગેની પુરસીસ વંચાણે લીધી. નામ. ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરચંદ હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧), જી.એલ.આર.પાના નં.૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. સદર કામે આરોપીએ ગુનાની કબુલાત અંગે જે કારણો દર્શાવેલ છે તે જોતા આરોપી ગરીબ ઈસમ છે અને તેમના શિરે કુંટુબના ભરણપોષણની જવાબદારી છે. તેઓનો આ પ્રથમ ગુનો છે અને ફરીથી આવો ગુનો કરશે નહી તેમ જણાવે છે અને આરોપીએ ગુના બાબતે પસ્તાવો વ્યકત કરેલ છે. કાયદાનો હેતુ ગુનાને ડામવાનો છે, ગુનેગારને ડામવાનો નથી તથા ગુનેગારને સુધરવાની તક આપી સમાજમાં તેને સન્માનપુર્વક જીવન મળે તેવો કાયદાનો હેતુ છે તથા ઉપરોકત ચુકાદા અનુસાર આરોપી ઉપર દયા બતાવી હળવી સજા કરવા માટેના પુરતા ગણી શકાય તેવા કારણો છે તેમ આ કોર્ટનું માનવુ છે તેમજ આજ રોજ સદર કામે આરોપીની કબુલાત તથા દયા અરજ ગાહય રાખી અને કાયદાની સજા કરવા પાછળનો સુધારાત્મક હેતુ ધ્યાને રાખી આરોપીને હળવી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય રહે તેમ હોઈ આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>॥ હુકમ ॥</u>**

આ કામના આરોપીને BNSS–2023 ની કલમ–૨૭૫ અન્વયે BNS-285 ની કલમ મુજબ ના ગુનામાં તકસીરવાન ઠરાવી BNS-285 ની કલમ મુજબ ના ગુનાના ભંગ બદલ દંડ રૂપિયા 50/– ( અંકે પચાસ પુરા) અને જો દંડ ન ભરે તો દિન–૭(સાત) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૫–૦૪–૨૦૨૬ (અશ્વિનકુમાર મોહનલાલ શુકલા)
નિઝર જયુડી.મેજી.ફ.ક.,નિઝર
જજ કોડ:જીજે૦૧૩૬૪.

રસીદ નં.………………… થી રૂ. **50** (અંકે રૂપિયા પચાસ પુરા)
દંડ પેટે જમા લીધા.
તા. **15–04–2026**

NAZIR
Civil Court, Nizar